**તાપમાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૦.૦° સે. | ૨૬.૦° સે. |
| આહવા | ૨૯.૦° સે. | ૨૩.૦° સે. |
| વલસાડ | ૩૧.૦° સે. | ૨૭.૦° સે. |
| વાપી | ૩૧.૦° સે. | ૨૭.૦° સે. |

# ડાંગના 50 પરિવારની હિન્દુ ધર્મમાં 'ઘરવાપસી'

**હિન્દુ** રીતિ-રિવાજ મુજબ યોજાયેલી શુદ્ધિકરણ અને પૂજા-અર્ચના વિધિમાં ઉષ્માભર્યું સ્વાગત

સાપુતારા : ડાંગ જિલ્લાનાં પવિત્ર અને ઐતિહાસિક ધાર્મિક સ્થળ પંપા સરોવર ખાતે તાજેતરમાં એક વિશેષ અને ભાવુક ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમ અંતર્ગત આવલ્યામાળ, ટાંકલીપાડા અને વડપાડા સહિત આસપાસના વિવિધ ગામોના આશરે 50 જેટલા પરિવારોનું વૈદિક અને હિન્દુ રીતિ-રિવાજ મુજબ હિન્દુ સમાજમાં વિધિવત પુન:આગમન (ઘરવાપસી) કરાવવામાં આવ્યું હતુ. આયોજકોના જણાવ્યા અનુસાર, પોતાના મૂળ વિરાસત, પ્રાચીન ધર્મ અને પરંપરાઓ પ્રત્યેની ગાઢ આસ્થાને કારણે આ પરિવારોએ સ્વૈચ્છિક રીતે પોતાની સંસ્કૃતિ સાથે પુન:જોડાવાનો હૃદયપૂર્વક નિર્ણય લીધો હતો. પોતાના સનાતન મૂળ તરફ પાછા ફરવાની ખુશીમાં ભાગ લેનાર તમામ પરિવારજનોમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો. આ સમૂહ પુન:આગમન પ્રસંગે સંબંધિત ગામોમાં અને પંપા સરોવર ખાતે કોઈ મોટા તહેવાર જેવો ઉજવણીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક સમાજના અગ્રણીઓ અને વિવિધ સંગઠનો દ્વારા પરત ફરેલા તમામ પરિવારોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં આવકારવામાં આવ્યા હતા. સંપૂર્ણ ધાર્મિક વિધિઓ, સંતો-મહંતોના આશીર્વાદ અને સામાજિક એકતાના સંદેશ સાથે આ કાર્યક્રમ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયો હતો.

ધરમપુરની છાત્રાલયમાં વિદ્યાર્થીઓ પર થયેલા હિંસક હુમલા પ્રકરણમાં

# આરોપીઓ નહીં પકડાય તો પોલીસ-પ્રાંત કચેરીનો ઘેરાવ

**ધરમપુર** છાત્રાલય હુમલા પ્રકરણમાં ભાજપ યુવા મોરચાના પ્રમુખ સહિત ફરાર આરોપીઓની ધરપકડની માંગ


આસીફ શેખ

ધરમપુર : ધરમપુરના બામટી-લાલડુંગરીના બાબા સાહેબ આંબેડકર છાત્રાલયમાં માટલી ફોડવાની બાબતે વિવાદ થયો હતો. આ બાબતે એબીવીપીના યુવાનોએ હોસ્ટેલમાં ઘૂસી વિદ્યાર્થીઓ પર ઘાતક હુમલો કર્યો હતો. જેમાં પાંચને ઈજા થતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટનાને પગલે ધારાસભ્ય અનંત પટેલે ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓની મુલાકાત લીધી હતી. તેમણે હુમલો કરનારાઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી. ધારાસભ્યે ધરમપુરના પીઆઈ સમક્ષ રજૂઆત કરી હતી કે સંડોવાયેલા ભાજપ યુવા મોરચાના વલસાડ જિલ્લા પ્રમુખ અને મનન પટેલ સહિતના તમામ ફરાર આરોપીઓની ત્વરિત ધરપકડ કરવામાં આવે. તેમણે હોસ્ટેલમાં આવેલી ગાડીઓના માલિકો સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી. જો ત્રણ દિવસમાં ફરાર આરોપીઓની ધરપકડ નહીં થાય, તો દસ હજાર લોકો સાથે ધરમપુર પોલીસ મથક તથા પ્રાંત કચેરીનો ઘેરાવ કરવાની ઉગ્ર ચીમકી તેમણે આપી હતી.

### સંડોવાયેલા તમામ વ્યક્તિઓ સામે કાર્યવાહી કરાશે

ધરમપુરના પીઆઇ નિખિલ ભોયાએ જણાવ્યું હતું કે હુમલા અંગેના ગુનામાં અત્યાર સુધીમાં 12 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય ચાર આરોપીઓ વોન્ટેડ છે. તેમની સામે તપાસ ચાલી રહી છે અને ટૂંક સમયમાં તેમની ધરપકડ કરવામાં આવશે. કાયદાની જોગવાઈ મુજબ કોઈપણ આરોપીને છોડવામાં નહીં આવે અને સંડોવણી સામે આવનાર તમામ વ્યક્તિઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.

# વલસાડ જિલ્લા તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડમાં કપરાડા છવાયું

**બી.આર.સી.** કક્ષાએ જિલ્લા કક્ષાનો એકમાત્ર એવોર્ડ કપરાડાના બી.આર.સી. સંજય મકવાણાને

**તાલુકા** કક્ષાના એવોર્ડમાં પણ કપરાડા શાળાના ભાવિક પટેલને એવોર્ડ



વલસાડ : વલસાડ જિલ્લા અને તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એવોર્ડ કાર્યક્રમ પારડીમાં 5 સપ્ટેમ્બરે રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં કુલ 9 શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષકોનો એવોર્ડ અપાયો હતો. જેમાં જિલ્લા તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડમાં કપરાડા છવાયું હતું.

જેમાં જિલ્લા કક્ષાના એકમાત્ર બી.આર.સી. કક્ષાના એવોર્ડમાં કપરાડા બી.આર.સી. કો.ઓર્ડીનેટર સંજય મકવાણાને મળ્યો હતો, જ્યારે તાલુકા કક્ષાના એવોર્ડમાં કપરાડા તાલુકાની કપરાડા પ્રાથમિક શાળાના શિક્ષક ભાવીક બળવંતભાઈ પટેલ, પ્રાથમિક શાળા, કપરાડા અને ગણેશ એલ. જાદવ બાબરખડક શાકો નાનાપોંઢાનો સમાવેશ થાય છે. આમ, સમગ્ર જિલ્લામાંથી બી.આર.સી. કક્ષાના એવોર્ડમાં પણ કપરાડા છવાયું હતું. તો તાલુકા કક્ષાનો એક એવોર્ડ અને નાનાપોંઢાના બાબરખડક શાળાના શિક્ષકને મળ્યો હતો. જેને લઈ શિક્ષક આલમમાં ખુશીનો માહોલ છવાયો હતો.

# નવસારીના આદેશ એપાર્ટમેન્ટમાં 'જુગારનો અડ્ડો' ધમધમતો હતો !

**માણેકલાલ** રોડના ફ્લેટ નં. 404માં તીનપત્તીની બાજીમાં પોલીસે ત્રાટકીને 8ને દબોચ્યા

**રોકડ** અને મોબાઇલ સહિત રૂ.1.15 લાખનો મુદ્દામાલ જપ્ત

નવસારી : શહેરના માણેકલાલ રોડ પર આવેલા આદેશ એપાર્ટમેન્ટમાં રહેણાંક ફ્લેટમાં તીનપત્તીનો જુગાર રમાતો હોવાનો પર્દાફાશ થયો છે. નવસારી ટાઉન પોલીસે બાતમીના આધારે ફ્લેટ નં. 404માં દરોડો પાડી 8 શખ્સોને ઝડપી પાડ્યા હતા.

પોલીસના જણાવ્યા મુજબ, ફ્લેટમાં રહેતા શિરીષભાઈ ખોડાભાઈ પટેલ બહારથી લોકોને એકત્ર કરી આર્થિક ફાયદા માટે તીનપત્તીનો હારજીતનો જુગાર રમાડતા હતા. દરોડા દરમિયાન શિરીષભાઈ પટેલ સહિત કૃણાલભાઈ હરીયાણી, વિકાસભાઈ પટેલ, સૌમીલ હરીયાણી, સાગર ભાનુશાલી, મીલનભાઈ સંઘવી અને સુરેશભાઈ મેવાડા ઝડપાયા હતા.

પોલીસે કાર્યવાહી દરમિયાન અંગઝડતી તથા જુગારના દાવ અને નાળમાંથી રૂ.18,120 રોકડા, રૂ.97,000ની કિંમતના 7 મોબાઇલ ફોન, ગંજીપાના તથા લાઇટબિલ સહિત કુલ રૂ.1,15,120નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ મામલે નવસારી ટાઉન પોલીસે જુગારધારા કલમ 4 અને 5 મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ રેકોર્ડ મુજબ, ઝડપાયેલા સાગર ભાનુશાલી સામે અગાઉ જલાલપોર પોલીસ મથકમાં પણ ગુનો નોંધાયેલો છે. હવે ફ્લેટમાં જુગારની પ્રવૃત્તિ કેટલા સમયથી ચાલી રહી હતી અને અન્ય કોઈની સંડોવણી હતી કે કેમ તે અંગે તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

## નાનાપોંઢામાં ટ્રકની અડફેટે મોપેડ ચાલક યુવાનનું મોત

વલસાડ : નાનાપોંઢા તાલુકાના નાનાપોંઢા સ્વામિનારાયણ સ્કૂલ નજીક ટ્રક ચાલકે મોપેડને અડફેટે લેતા યુવાનનું મોત નિપજ્યું હતું. ફરિયાદી મગજી સોમા રાઉત (રહે. ખામ દહાડ) એ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમનો પુત્ર મયુર સેલવાસ ખાતે નોકરી કરતો હોય 5 સપ્ટેમ્બરે રાત્રે 8.30 ટ્રક નબર ટી.એન.28. વી.કે.4329ના ચાલકે મોપેડને અડફેટે લેતા મોપેડ ચાલક પુત્રને શરીરે ગંભીર ઈજા પહોંચતા તેનું મોત નિપજ્યું હતું. ઘટના અંગે તેમણે ટ્રકચાલક સામે નાનાપોંઢા પોલીસ મથકે ફરિયાદ દાખલ કરી હતી.

# પરિયામાં મહિલાએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**પતિ** અને પુત્ર નોકરી પર ગયા ત્યારે મહિલાએ રૂમમાં ફાંસો ખાઇ લીધો

પારડી : પારડી તાલુકાના પરિયા વેલવાગડ ફળિયામાં ૫૧ વર્ષીય મહિલાએ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યાની ઘટના સામે આવી છે. પરિયા-વેલવાગડના તરી ફળિયામાં રહેતા દિપક પટેલની પત્ની સુરેખા પટેલે ૫ સપ્ટેમ્બરના રોજ દિપકભાઈ નોકરી પર વાપી ગયા હતા, જ્યારે તેમનો પુત્ર પણ દમણ ખાતે નોકરી પર ગયો હતો. સાંજે દિપકભાઈ ઘરે પરત ફર્યા ત્યારે સુરેખાબેન નજરે પડ્યા ન હતા. તેમણે ઘરમાં શોધખોળ કરતા ઉપરના માળે આવેલા રૂમમાં સુરેખાબેન લોખંડની એંગલ સાથે ઓઢણી બાંધી ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા.

પરિવારજનોએ તેમને નીચે ઉતારી પારડીની હોસ્પિટલ લઈ જતા તબીબે તપાસ બાદ સુરેખાબેનને મૃત જાહેર કર્યા હતા. પોલીસે સીએચસીના પી.એમ. રૂમમાં ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# 10 લાખથી વધુનો ચેક બાઉન્સ, ટૂર-ટ્રાવેલ્સ સંચાલકને કોર્ટનો ઝટકો!

**એક** વર્ષની કેદ અને રૂ.11 લાખ વળતરની સજા સામેની અપીલ ફગાવાઈ

નવસારીઃ વાંસદામાં 10 લાખથી વધુની રકમના ચેક રિટર્ન કેસમાં ટૂર એન્ડ ટ્રાવેલ્સ કંપનીના સંચાલકને અપીલ કોર્ટમાંથી પણ રાહત મળી નથી. વાંસદા મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા ફટકારવામાં આવેલી એક વર્ષની સાદી કેદ અને 11 લાખ વળતરની સજા સામે કરવામાં આવેલી અપીલ અદાલતે ફગાવી દેતાં નીચલી અદાલતનો ચુકાદો યથાવત રહ્યો છે.

કેસની વિગતો મુજબ, વાંસદા તાલુકાના ખાંભલીયા ગામના હરીશભાઈ ચંદુભાઈ પટેલ 'પી. કે. ટૂર એન્ડ ટ્રાવેલ્સ એન્ડ હોલીડે પેકેજ' નામે વ્યવસાય કરતા હતા. ફરિયાદી ભાનુભાઈ રધાભાઈ પટેલ તેમની કંપનીમાં નોકરી કરતા હતા. ફરિયાદ પક્ષના જણાવ્યા મુજબ, પરિચયના આધારે આરોપીએ 11 લાખ હાથઉછીના લીધા હતા. રકમ પરત ન મળતાં લાંબા સમય સુધી ઉઘરાણી ચાલી હતી. આખરે 1 સપ્ટેમ્બર 2020ના રોજ આરોપીએ 10,12,765નો ચેક આપ્યો હતો. પરંતુ ચેક રજૂ થતાં 'ઓપનિંગ બેલેન્સ ઈન્સફિશિયન્ટ'ના શેરા સાથે પરત ફર્યો હતો. ચેક પરત ફર્યા બાદ કાયદેસરની નોટિસ આપવામાં આવી હોવા છતાં રકમની ચુકવણી ન થતાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. વાંસદા મેજિસ્ટ્રેટ કોર્ટે કેસના પુરાવાઓ ધ્યાને લઈ આરોપીને એક વર્ષની સાદી કેદ તથા ફરિયાદીને 11 લાખ વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો.

આ ચુકાદાને પડકારતાં આરોપી તરફથી અપીલ કરવામાં આવી હતી. નવસારીના ત્રીજા અધિક જિલ્લા અને સેશન્સ જજ (મુ. વાંસદા) સમક્ષ થયેલી સુનાવણીમાં ફરિયાદી પક્ષે એડવોકેટ પી.એમ. વાટવેચાએ સુપ્રીમ કોર્ટ તથા વિવિધ હાઈકોર્ટના ચુકાદાઓના આધારે દલીલો રજૂ કરી હતી. ફરિયાદી પક્ષે ભારપૂર્વક રજૂઆત કરી હતી કે ચેક કાયદેસરના લેણાંની ચુકવણી માટે આપવામાં આવ્યો હતો અને ટ્રાયલ કોર્ટે પુરાવાઓનું યોગ્ય મૂલ્યાંકન કરીને ચુકાદો આપ્યો છે.

અપીલ કોર્ટએ રજૂ થયેલી દલીલો અને કેસના રેકોર્ડને ધ્યાને લઈ નીચલી અદાલતના ચુકાદામાં હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો હતો. પરિણામે આરોપીની અપીલ ફગાવી દેવામાં આવી અને એક વર્ષની કેદ તથા 11 લાખ વળતરની સજા યથાવત રાખવામાં આવી હતી.

# સેગવા ગામે સહકારી ક્ષેત્રના નવયુક્ત સુકાનીઓનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો

છાપરાભાઠા ઝોનમાંથી પ્રથમ વખત ડિરેક્ટર અને સાયણ સુગરના ઉપપ્રમુખ બનેલા જતીન પટેલનું ગ્રામજનોએ ભવ્ય સન્માન કર્યું



સુરતઃ ઓલપાડ તાલુકાના સેગવા સ્યાદલા ગામે ૫ સપ્ટેમ્બર સાંજે સહકારી અને રાજકીય ક્ષેત્રે ઉચ્ચ પદો પર નિયુક્ત થયેલા આગેવાનોનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. સાયણ સુગરના નવનિર્વાચિત ઉપપ્રમુખ જતીન પટેલની ઐતિહાસિક જીતથી છાપરાભાઠા ઝોનમાં ઉત્સાહ જોવા મળ્યો. આ સિવાય સાયણ સુગરના પ્રમુખ, એ.પી.એમ.સી.ના ચેરમેન તેમજ સુરત જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષના સન્માન અર્થે યોજાયેલા આ કાર્યક્રમમાં ભારે જનમેદની ઉમટી હતી.

આ પ્રસંગે સાયણ સુગરના નવનિર્વાચિત ચેરમેન કેતન પટેલ, ઉપપ્રમુખ જતીન પટેલ, એ.પી.એમ.સી.ના ચેરમેન અંકુર પટેલ તેમજ સુરત જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ બ્રિજેશ પટેલનું ગ્રામજનો અને સહકારી અગ્રણીઓ દ્વારા સાલ ઓઢાડીને તેમજ પુષ્પગુચ્છ આપીને ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર ચૂંટણી અને સન્માન સમારોહમાં સાયણ સુગરના નવયુક્ત ઉપપ્રમુખ જતીન પટેલ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. છાપરાભાઠા ઝોનમાંથી ઇતિહાસમાં પ્રથમ વખત ડિરેક્ટર તરીકે ચૂંટાવાનું બહુમાન મેળવ્યા બાદ, તેઓ સાયણ સુગરના ઉપપ્રમુખ પદે નિયુક્ત થતાં સમગ્ર છાપરાભાઠા ઝોનના સભાસદોમાં ભારે આનંદ અને ગૌરવની લાગણી વ્યાપી ગઈ છે. આ ભવ્ય સન્માન સમારોહમાં કામરેજ સુગરના ડિરેક્ટર વિરલ પટેલ, સાયણ સુગરના ડિરેક્ટર ગિરીશભાઈ સુરતી, સુરત મહાનગરપાલિકાના કોર્પોરેટર રાજુભાઈ ડેપ્યુટી તેમજ વિજયભાઈ ભાટિયા અને ઓલપાડ તાલુકા પંચાયત શાસકપણ નેતા કીરીટભાઈ માસ્ટર ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તમામ નવનિર્વાચિત પદાધિકારીઓને તેમની આગામી સફળ ઇનિંગ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### કડવા પાટીદાર સમાજનું વધાર્યું ગૌરવ

કાર્યક્રમ દરમિયાન વક્તાઓએ જણાવ્યું હતું કે, જતીન પટેલ, અંકુર પટેલ, બ્રિજેશ પટેલ, રાજુ ડેપ્યુટી અને વિરલ પટેલ જેવા પાયાના અને નિષ્ઠાવાન કાર્યકરોએ ઉચ્ચ હોદ્દાઓ પ્રાપ્ત કરીને સમગ્ર કડવા પાટીદાર સમાજનું ગૌરવ સમગ્ર જિલ્લામાં વધાર્યું છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સેગવા ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ડોન હિલ સ્ટેશન પર સુવિધાઓના અભાવથી પ્રવાસીઓને ભારે હાલાકી

**ડાંગના** પ્રખ્યાત ડોન હિલ સ્ટેશન પર શૌચાલયના શેડ ગાયબ થતા પ્રવાસીઓ ભારે હેરાન-પરેશાન


ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના અતિ સુંદર પ્રવાસન સ્થળ એવા ડોન હિલ સ્ટેશન ખાતે ચોમાસાની સિઝનમાં કુદરતી સૌંદર્ય માણવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. ચારેય તરફ પથરાયેલી હરિયાળી, ઉત્તુંગ પહાડો અને ઝાકળછાયા વાતાવરણના કારણે આ સ્થળ સહેલાણીઓમાં ભારે લોકપ્રિય બની રહ્યું છે.

પ્રતિદિન સેંકડો પ્રવાસીઓ આવી રહ્યા છે, પરંતુ પૂરતી જાહેર સુવિધાઓનો ઘોર અભાવ જોવા મળી રહ્યો છે. ગ્રામ પંચાયત દ્વારા બનાવવામાં આવેલા શૌચાલય અને બાથરૂમના ઉપરના પતરાના શેડ ગાયબ થઈ ગયા છે, જેથી આ સુવિધા ખુલ્લા આકાશ નીચે ફેરવાઈ ગઈ છે. ચોમાસામાં વરસાદ વચ્ચે શેડ વિનાના શૌચાલયોના કારણે મહિલાઓ, બાળકો અને વૃદ્ધ પ્રવાસીઓને ભારે અસ્વસ્થતા અને હાલાકી ભોગવવી પડી રહી છે.

પ્રવાસન સ્થળનો વિકાસ માત્ર રસ્તા અને સૌંદર્યીકરણ સુધી સીમિત ન રહેવો જોઈએ, પરંતુ ત્યાં આવતા સહેલાણીઓ માટે સ્વચ્છ શૌચાલય, શુદ્ધ પીવાનું પાણી, ડસ્ટબીન તથા બેસવાની મૂળભૂત સુવિધાઓ હોવી અનિવાર્ય છે. સ્થાનિકો અને પ્રવાસીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને સૌ કોઈ માંગ કરી રહ્યા છે કે સંબંધિત તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે સ્થળની મુલાકાત લેવામાં આવે.

બિસ્માર હાલતમાં મુકાયેલા બાથરૂમ અને શૌચાલયનું ત્વરિત સમારકામ કરાવી નવા શેડ નાખવામાં આવે તેમજ વધારાના ટોયલેટ બ્લોક્સ ઊભા કરી પ્રવાસીઓની સમસ્યાઓનું નિવારણ લાવવામાં આવે તેવી તીવ્ર માંગ ઉઠી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પારડીમાં નાણાંમંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને વન મહોત્સવની ઉજવણી


અમૃત પટેલ

પારડી : પારડીની કોલેજમાં જિલ્લા કક્ષાના ૭૭મા વન મહોત્સવની ઉજવણી નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત પ્રમુખ હેતલ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. આ ઉજવણીમાં વૃક્ષારોપણ કરી વૃક્ષ રથને લીલીઝંડી આપી રવાના કર્યો હતો. મંત્રી કનુભાઈએ જણાવ્યું હતું કે, પૂર્વ કેન્દ્રીય મંત્રી સ્વ. કનૈયાલાલ મુનશીએ વન મહોત્સવની શરૂઆત કરી હતી. ક્લાઈમેટ ચેન્જના કારણે વધતી આફતોને રોકવા અને વૃક્ષોનું સંતુલન જાળવવા વનીકરણ અત્યંત આવશ્યક છે. ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી અને વલસાડ ધારાસભ્ય ભરતભાઈ પટેલે વૃક્ષારોપણના મહત્વને સમજાવ્યુ હતુ. જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાને ક્લાઈમેટ ચેન્જ સામે લડવા માટે તાત્કાલિક પગલાં લેવા પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય વન સંરક્ષક ડો. બી સુચિંદ્રાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. પારડી પાલિકા પ્રમુખ ચેતન નાયકા, તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરી પટેલ, ચીફ ઓફિસર કોમલબેન, શહેર પ્રમુખ વિપુલ પટેલ, જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશ પટેલ, ધ્રુવીન ભંડારી, સામાજિક વનીકરણ વિભાગના નાયબ વન સંરક્ષક આર.આર. ચૌધરી, પારડી આરએફઓ અંકિત પટેલ સહિતના ઉપસ્થિત રહ્યા હતાં.

### વલસાડ જિલ્લા આશ્રમશાળા કર્મચારી સંઘના માજી પ્રમુખનું નિધન



વલસાડ : વલસાડ જિલ્લા આશ્રમશાળા કર્મચારી સંઘના માજી પ્રમુખ અને હાલે કપરાડા તાલુકાના રોહિયાળ જંગલમાં ઉપશિક્ષક તરીકે ફરજ બજાવતા તખ્તસિંહ ઠાકોર (મૂળ રહે. રાબડી)નું ટુંકી બીમારી બાદ નિધન થયું છે. તેમના નિધનના સમાચારથી સમગ્ર આશ્રમશાળા પરિવાર, શાળા તથા શિક્ષક સમાજમાં શોકની લાગણી પ્રસરી છે. તેઓ આસલોણા આશ્રમના ભૂતપૂર્વ આચાર્ય તરીકે પણ ફરજ બજાવી હતી. કાર્યકારી પ્રમુખ યોગેશ પટેલે શ્રદ્ધાંજલી પાઠવી હતી. તેમની એકમાત્ર પુત્રી વિદેશમાં હોવાથી તેમના સ્વદેશ પરત આવ્યા બાદ અંતિમયાત્રા 7 જુલાઈ સવારે 8.30 કલાકે કિલ્લા પારડી, અરિહંત ટાઉનશિપથી નીકળશે.

### વાપી ઇસ્કોન મંદિરમાં નાણાં મંત્રી કનુભાઈએ ભગવાનના આશીર્વાદ લીધા



વાપી : શ્રી કૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવના પાવન પ્રસંગે ગુજરાત રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ વાપીમાં કોપરલી રોડ પર આવેલા ઇસ્કોન મંદિરે ઉપસ્થિત રહી ભગવાનના આશીર્વાદ લીધા હતા. તેમની સાથે મહાનગર પાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, મહાનગર પાલિકના ઉપપ્રમુખ મિતેશભાઈ દેસાઈ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષ દેસાઈ અને સ્થાનિક અગ્રણીઓ પણ હાજર રહ્યા હતા.

### દેવસર નવનાથ ધામમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી


કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરાના દેવસર નવનાથ ધામમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. છોટેદાદાના પાવન સાનિધ્યમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. જન્માષ્ટમી પર્વે વહેલી સવારથી જ નવનાથ ધામમાં અખંડ ધૂન, ભજન-કીર્તન અને સંગીતના સથવારે સમગ્ર વાતાવરણ કૃષ્ણમય બની ગયું હતું. મધ્યરાત્રિએ શ્રીકૃષ્ણ જન્મોત્સવની વિશેષ આરતી યોજાઈ હતી, જેમાં હજારો ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો."હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલ કી"ના જયઘોષથી સમગ્ર ધામ ગુંજી ઉઠ્યું હતું. મહોત્સવ અંતર્ગત રાસ-ગરબા અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. ૨૨'મા સાંસ્કૃતિક કાર્યક્રમ તરીકે છોટેદાદા રચિત 'વટસિદ્ધ નાગનાથ' આધ્યાત્મિક નાટકનું વિશેષ મંચન કરવામાં આવ્યું હતું. ધાર્મિક આસ્થા સાથે સંગીત, નૃત્ય અને નાટ્યકલાના સંગમથી નવનાથ ધામ સમગ્ર દિવસ દરમિયાન ભક્તિ અને આનંદના દિવ્ય રંગે રંગાયું હતું. ભક્તો માટે મહાપ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

### વાંસદા તા. સહકારી ખ-વે. સંઘના પ્રમુખ-ઉપપ્રમુખની બિનહરીફ વરણી


મિલેશ કાપડિયા

વાંસદાઃ વાંસદા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લિ.ના પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણીમાં પ્રમુખ તરીકે એડવોકેટ રમણભાઈ પટેલની જ્યારે ઉપપ્રમુખ તરીકે પીપલખેડના અનંતરાય માહલાની બિનહરીફ વરણી કરવામાં આવતાં સહકારી ક્ષેત્રમાં આનંદની લાગણી ફેલાવા પામી છે. આ સંસ્થાની ચૂંટણી છેલ્લા ૧૪ વર્ષથી બિનહરીફ યોજાઈ રહી છે. છેલ્લા ૧૮ વર્ષથી આ સંસ્થાનું સુકાન સંભાળનારા પ્રમુખ કાલિદાસ ચૌધરીએ સ્વેચ્છાએ પ્રમુખનો હોદ્દો અન્ય સહકારી અગ્રણીઓને સુપરત કરવાની ઈચ્છા વ્યકત કરી હતી. સંઘની ચૂંટણીમાં બિનહરીફ વિજેતા થયેલા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, પ્રમુખ અને ઉપપ્રમુખને મુકેશભાઈ પાનવાલા, ધનસુખભાઈ, પ્રદ્યુમનસિંહ સોલંકી, મેનેજર એરીક અવારી સહિતનાં અગ્રણીઓએ શુભેચ્છા પાઠવી હતી.

### વાપીના ડુંગરામાં કારે પાર્ક કરેલી ગાડી અને યુવકને અડફેટે લીધા

વાપી : વાપી ડુંગરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, હરિયા પાર્ક સનસિગ્નેચર બિલ્ડીંગમાં રહેતા વિશાલ મુરલીધરન પિલ્લાઈ (ઉં.33)ના મિત્રોએ અંબામાતા મંદિર પાસે સાફસફાઈની કામગીરી ચાલુ હોવાથી તેમની ફોર વ્હીલર ગાડી માર્ગની સાઈડમાં પાર્ક કરી હતી. તે દરમિયાન હરિયા પાર્ક કણબીવાડમાં રહેતા નિલેશ ભીખુભાઈ રાઠોડે પોતાની કાર પૂરઝડપે હંકારી આવીને પાર્ક કરેલી કાર સાથે અથડાવી નુકસાન પહોંચાડ્યું હતું. આ અકસ્માતમાં કાર નજીક ઉભેલા વિશાલને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જીને કારચાલક વાહન સાથે નાસી છૂટ્યો હતો. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

**VAPI GREEN ENVIRO LIMITED**
Formerly known as Vapi Waste & Effluent Mgt. Co. Ltd.
VIA House, Plot No. 135, Char Rasta, GIDC VAPI - 396 195. Gujarat. INDIA
Mob.: 9714000828 | Tel.: (0260) 2428950, Telefax : (0260) 2429950 | Email : admin@vgelvapi.com
Website : www.vgelvapi.com | www.coevapi.com | CIN : U74210GJ1997GAP031525

**NOTICE**

Notice is hereby given that the 29th **Annual General Meeting (AGM)** of the Members of Vapi Green Enviro Limited (formerly known as Vapi Waste & Effluent Management Co. Ltd.) will be held on **Monday, 28th September, 2026 at 11:30 AM at Kanu Desai VIA Auditorium, Plot No: - 135, GIDC Vapi – 396195, Dist. Valsad, Gujarat, India** to transact the business mentioned in the notice convening the said Annual General Meeting. Pursuant to the provisions of Section 91 of The Companies Act, 2013 that the Register of Members of the Company will remain closed from 21st September, 2026 to 27th September, 2026 (both days included).

For and On Behalf of Board of Directors of
Vapi Green Enviro Limited
Sd/-
Jatin Mehta
Chief Executive Officer

Date: 06th September, 2026
Place: Vapi